૨૨ જુન, ૨૦૨૦

9467

**Durgesh V. Buch**
President
**Natubhai Patel**
Sr. Vice President
**Bhargav Thakkar**
Vice President
**Sanjeev Chhajer**
Secretary
**Dilip M. Padhya**
Secretary (R)
**Pathik S. Patwari**
Treasurer

**શ્રી વિજયભાઈ રૂપાણી**
*માનનીય મુખ્યમંત્રીશ્રી*
ગુજરાત રાજ્ય, સ્વર્ણીમ સંકુલ
નવા સચિવાલય
ગાંધીનગર-૩૮૨ ૦૧૦.

**વિષયઃ આત્મનિર્ભર રાહત યોજના હેઠળ કોર્પોરેશન ટેક્ષમાં જાહેર કરેલ રાહતનો તાત્કાલિક ધોરણે અમલ કરાવવા બાબત.**

**માનનીય મુખ્યમંત્રીશ્રી,**

આપની કુશળતા ઈચ્છુ છું !

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા આપશ્રીને તા. ૧૨-૬-૨૦૨૦ ના રોજ મોકલેલ પત્રમાં સરકાર દ્વારા જાહેર કર્યા મુજબ અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા લેવામાં આવતા ટેક્ષમાં કોમર્શિયલ પ્રોપર્ટી માટે કુલ ૩૦% અને રહેઠાણ વિસ્તાર માટે કુલ ૨૦% ની રાહત આપવાનું નક્કી કરેલ છે તેનો આજ દિન સુધી અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા અમલ કરવામાં આવેલ નથી તેની રજૂઆત કરેલ છે જેની નકલ આપશ્રીની જાણ સારુ અત્રે બિડાણ કરેલ છે.

હાલની પરિસ્થિતિને જોતાં જ્યારે અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા આ જાહેરાતનો અમલ કરવામાં આવેલ નથી તો આ રાહત મેળવવાની મુદ્દતને તા. ૩૧-૭-૨૦૨૦ સુધી લંબાવવામાં આવે તથા આ રાહતનો તાત્કાલિક અમલ કરાવવામાં આવે તેવી અમારી નમ્ર વિનંતી છે.

**આભાર સહ,**
**આપનો વિશ્વાસુ,**

**દુર્ગેશ બુચ**
*પ્રમુખ*

**બિડાણ : ઉપર મુજબ**

**<u>નકલ રવાના :</u>**

૧. **શ્રી નીતિનભાઈ પટેલ,** *માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી,* ગુજરાત રાજ્ય
૨. **શ્રી અનિલ મુકીમ (IAS),** ચીફ સેક્રેટરી, ગુજરાત રાજ્ય
૩. **શ્રી મુકેશ કુમાર, IAS,** મ્યુનિ. કમિશ્નરશ્રી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ.

Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad- 380009. INDIA. | +91 - 79 - 2658 2301-2-3-4 | gcci@gujaratchamber.org | www.gujaratchamber.org

**Durgesh V. Buch**
President

**Natubhai Patel**
Sr. Vice President

**Bhargav Thakkar**
Vice President

**Sanjeev Chhajer**
Secretary

**Dilip M. Padhya**
Secretary (R)

**Pathik S. Patwari**
Treasurer

૧૨ જુન, ૨૦૨૦/૬૨૫૯

**શ્રી વિજયભાઇ રૂપાણી**
*માનનીય મુખ્યમંત્રીશ્રી*
ગુજરાત રાજ્ય, સ્વર્ણીમ સંકુલ
નવા સચિવાલય
ગાંધીનગર-૩૮૨ ૦૧૦.

**વિષય: આત્મનિર્ભર રાહત યોજના હેઠળ કોર્પોરેશન ટેક્ષમાં જાહેર કરેલ રાહતનો તાત્કાલિક ધોરણે અમલ કરાવવા બાબત.**

**માનનીય મુખ્યમંત્રીશ્રી,**

આપની કુશળતા ઇચ્છુ છું !

આપ વિદિત છો તેમ અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા દર વર્ષે એડવાન્સમાં કોર્પોરેશન ટેક્ષ ભરનારને ૧૦% વળતર આપવામાં આવે છે જે સરાહનીય છે. આ વર્ષે પણ દર વર્ષની જેમ આ રાહત આપવામાં આવેલ છે અને એપ્રિલ અને મે મહિનામાં લૉકડાઉન હોવાથી આ એડવાન્સ ટેક્ષ ભરવાની મુદ્દત જુન મહિના સુધી લંબાવવામાં આવેલ છે. આ ઉપરાંત આપશ્રી દ્વારા આત્મનિર્ભર રાહત યોજનાની જાહેરાત કરવામાં આવી છે જેને અમે આવકારીએ છીએ.

આપશ્રીએ આ જાહેરાત અંતર્ગત મહાનગરપાલિકા વિસ્તારની અંદર આવતા રહેઠાણની પ્રોપર્ટીના કિસ્સામાં ૧૦% એડવાન્સ ટેક્ષની રાહત ઉપરાંત વધારાના ૧૦% અને કોમર્શિયલ પ્રોપર્ટીના કિસ્સામાં વધારાના ૨૦%, એમ રહેઠાણ વિસ્તાર માટે કુલ ૨૦% અને કોમર્શિયલ પ્રોપર્ટી માટે કુલ ૩૦% રાહત આપવાનું નક્કી કરેલ છે.

પરંતુ આ જાહેરાત થયા પછી પણ આજ દિન સુધી અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા આનો અમલ કરવામાં આવેલ નથી, જેના કારણે સમય મર્યાદા પૂરી થઇ જવાથી એડવાન્સ ટેક્ષ ની રાહત ન મળવાનો ભય વેપારીઓમાં વ્યાપે છે.

વર્ષ ૨૦૨૦-૨૧ માટેનો કોર્પોરેશન ટેક્ષ ભરવા માટે જો રાજ્ય સરકારની આત્મનિર્ભર રાહત અંગેની જાહેરાતનો તાત્કાલિક અમલ કરવામાં આવે તો હાલની પરિસ્થિતિમાં તકલીફમાં મુકાયેલા વેપારીઓને કોર્પોરેશન દ્વારા તેમજ આત્મનિર્ભર યોજના અંતર્ગત એમ બંને રાહતોનો લાભ મળી રહે અને તેઓ બાકી કોર્પોરેશન ટેક્ષ તાત્કાલિક ભરી શકે.

આપશ્રીને આત્મનિર્ભર યોજના અંતર્ગત વધારાની રાહતનો તાત્કાલિક અમલ કરાવવામાં આવે અને સાથે સાથે એડવાન્સ ટેક્ષ રાહત મેળવવાની મુદ્દતને પણ ૩૧મી જુલાઇ, ૨૦૨૦ સુધી લંબાવવામાં આવે તેવી નમ્ર વિનંતી છે.

**આભાર સહ,**
**આપનો વિશ્વાસુ,**

**દુર્ગેશ બુચ**
*પ્રમુખ*

**<u>નકલ રવાના :</u>**
**શ્રી મુકેશ કુમાર, IAS, મ્યુનિ. કમિશ્નરશ્રી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ.**